પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૬૪ | ૨૪ ઓગસ્ટ, ૨૦૧૭, ગુરૂવાર ; ભાદરવા સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કેફિયત એક્સપ્રેસ ડમ્પર સાથે ટકરાતા ૮૦ને ઈજા

**આઝમગઢથી દિલ્હી તરફ જનાર કેફિયત એક્સપ્રેસ દુર્ઘટનાનો શિકાર થતાં રેલવે તંત્રમાં ભાગદોડ : શનિવાર બાદ બીજી મોટી ટ્રેન દુર્ઘટના સર્જાઈ ગઇ**



કાનપુર,તા. ૨૩

ઉત્તરપ્રદેશના ઔરેયા જિલ્લામાં આજે વહેલી સવારે આઝમગઢથી દિલ્હી તરફ જનાર કેફિયત એક્સપ્રેસ ડમ્પર સાથે ટકરાઈને પાટા પરથી ખડી પડતા ઓછામાં ઓછા ૮૦ લોકોને ઈજા થઈ છે. ઘાયલ થયેલા લોકો પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. શનિવારના દિવસે જ મુઝફ્ફર જિલ્લાના ખટોલીમાં

● અનુસંધાન પાન-૭ પર

## પ્રભુ દ્વારા રાજીનામાની ઓફર

**વડાપ્રધાને રાહ જોવા માટે કહ્યું : એક પછી એક રેલવે દુર્ઘટનાઓની સુરેશ પ્રભુએ નૈતિક જવાબદારી સ્વીકારી**

નવી દિલ્હી,તા. ૨૩



રેલવે અકસ્માતોનો સિલસિલો યથાવત રીતે જારી રહેતા આજે રેલવે મંત્રી સુરેશ પ્રભુએ ટ્રેન દુર્ઘટનાઓની નૈતિક જવાબદારી સ્વીકારીને હોદ્દા પરથી રાજીનામુ આપી દેવાની ઓફર કરી હતી. આજે એક પછી એક ટ્વીટ કરીને પ્રભુએ રાજીનામાની ઓફર કરી હતી. વડાપ્રધાન નરન્દ્ર મોદીને મળીને રાજીનામાની ઓફર કરી હતી. મોદીને રાજીનામુ સોંપી ચુક્યા હોવાના સંકેત પણ પ્રભુએ આપ્યા હતા. મોદીએ તેમને રાહ જોવા માટે કહ્યું છે. પ્રભુએ તમામ નૈતિક જવાબદારી લીધી છે અને પોતાના પક્ષને

● અનુસંધાન પાન-૭ પર

## રેલ્વે બોર્ડના ચેરમેન એ.કે. મિત્તલનું રાજીનામું

ન્યુ દિલ્હી,તા. ૨૩



એક સપ્તાહમાં બે રેલવે દુર્ઘટનાઓ બાદ ભારતીય રેલવે વિભાગ તમામના નિશાન પર છે. આ વચ્ચે રેલવે બોર્ડના ચેરમેન એ. કે મિત્તલે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. ઉલ્લેખનીય છે કે મંગળવારની રાત્રે કેફિયત એક્સપ્રેસ એક ડમ્પર સાથે ટકરાઈ હતી. જેને કારણે ૧૪ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા.

વારંવાર દુર્ઘટનાઓને કારણે રેલવે બોર્ડના ચેરમેન એકે મિત્તલે રાજીનામું આપ્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે, હજુ સુધી તેમનું રાજીનામું મંજૂર કરવામાં આવ્યું નથી. મિત્તલે લખ્યું કે, તેમણે અંગત કારણોસર રાજીનામું આપ્યું છે.

## ન્યુઝ ટ્રેક

### કચ્છના દુધાઈમાં ધરતીકંપના આંચકા

કચ્છના દુધાઈ વિસ્તારમાં ૪.૧ની તીવ્રતાવાળો ધરતીકંપનો આંચકો નોંધાયો હતો. જો કે કોઈ નુકશાનના અહેવાલ નથી.

### આજે સ્મૃતિ ઈરાની સુરતમાં



કેન્દ્રિય કપડામંત્રી સ્મૃતિ ઈરાની વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવા સુરત આવી રહ્યા છે.

### પણજી પેટા ચૂંટણીમાં ૭૦ ટકા મતદાન

ગોવાની રાજધાની પણજીમાં વિધાનસભાની બેઠકની પેટાચૂંટણીમાં ૭૦ ટકા મતદાન થયુ હતુ. ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી મનોહર પરિહર જંગમાં હોવાથી લડાઈ પ્રતિષ્ઠાની બની હતી. જ્યારે દિલ્હીની બવાનામાં માત્ર ૪૪ ટકા મતદાન નોંધાયું હતું.

### ૨૦૦ની નવી નોટ ટુંક સમયમાં

૨૦૦ રૂ.ની નવી નોટ બજારમાં મુકવાની તૈયારીઓ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પુર્ણ કરી છે. આગામી અઠવાડિયે ૨૦૦ રૂ.ની નવી નોટ ચલણમાં મુકાશે.

## શશીકલાની અરજી સુપ્રીમે ફગાવી

**૧૯ વર્ષ જુના અપ્રમાણ સંપત્તિ કેસમાં શશીકલાને મોટો ફટકો : શશીકલાની અરજી સમીક્ષાની મેરિટમાં નથી જ : સુપ્રીમ**

નવીદિલ્હી,તા. ૨૩

સુપ્રીમ કોર્ટે આજે જેલમાં રહેલા અન્નાદ્રમુકના નેતા વીકે શશીકલાની સમીક્ષા અરજીને ફગાવી દીધી હતી. શશીકલાની સમીક્ષા અરજીમાં ૧૯ વર્ષ જુના અપ્રમાણ સંપત્તિ કેસમાં તેમને દોષિત જાહેર કરવાના ચુકાદાની ફેર સમીક્ષા કરવાની માંગ કરવામાં આવી હતી. શશીકલા અને અન્ય બે વીએન સુધાકરન અને ઈલાવર્ષી દ્વારા દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજીમાં ચુકાદાને પડકાર ફેંકવામાં આવ્યો હતો. કર્ણાટક હાઈકોર્ટના ચુકાદાને ફગાવી દેવાને પડકાર ફેંકવામાં આવ્યો હતો. કર્ણાટક હાઈકોર્ટે શશીકલાને નિર્દોષ જાહેર કર્યા હતા અને ટ્રાયલ કોર્ટના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો હતો. ટ્રાયલ કોર્ટે ૫૩.૬ કરોડ રૂપિયાના ભ્રષ્ટાચારના કેસમાં શશીકલાને ચાર વર્ષની કઠોર સજા ફટકારી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, તેના ચુકાદામાં

● અનુસંધાન પાન-૭ પર

## ઓબીસી અનામત માટે ક્રિમિલેયરની આવક મર્યાદા વધારી ૮ લાખ કરાઈ

**ઓબીસી વર્ગના વધુ લોકોને નોકરી અને ભરતીમાં અનામતનો લાભ: નાણામંત્રી અરુણ જેટલી દ્વારા મોટી જાહેરાત કરાઈ : સરકાર અન્ય પછાત જાતિની પેટા કમિટિ ચકાસવા કમિશન બનાવશે**

નવીદિલ્હી,તા. ૨૩

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં નાણામંત્રી અરુણ જેટલીએ આજે એક મોટી જાહેરાત કરી દીધી હતી. આના ભાગરુપે કેન્દ્ર સરકારે ઓબીસી અનામત માટે ક્રિમિલેયરની આવક મર્યાને વધારી દીધી છે. હવે આઠ લાખ રૂપિયા સુધી વાર્ષિક કમાણી કરનાર અન્ય પછાત જાતિ (ઓબીસી) ક્રિમિલેયરમાં આવશે. પહેલા આ મર્યાદા છ લાખ રૂપિયા હતી. સરકારના આ નવા નિર્ણયના પરિણામ સ્વરુપે હવે ઓબીસી વર્ગમાં વધુ લોકોને નોકરી અને ભરતીમાં અનામતના લાભ મળી શકશે. જેટલીએ કહ્યું હતું કે, ઓબીસીની યાદીમાં સબ કેટેગરી બનાવવા માટેની દિશામાં એક પંચની રચના કરવા માટે રાષ્ટ્રપતિની પાસે

● અનુસંધાન પાન-૭ પર

## માલેગાંવ બ્લાસ્ટમાં નવ વર્ષ બાદ પુરોહિત જેલથી મુક્ત

નવીદિલ્હી,તા. ૨૩

માલેગાંવ બ્લાસ્ટ કેસના આરોપી અને પૂર્વ લશ્કરી ઈન્ટેલીજન્સ ઓફિસર લેફ્ટી કર્નલ પ્રસાદ શ્રીકાંત પુરોહિત નવ વર્ષ બાદ આજે જેલમાંથી બહાર આવી ગયા હતા. સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળી ગયા બાદ ખાસ એનઆઈએ કોર્ટે મંગળવારના દિવસે તેમને મુક્ત કરવા માટેના આદેશો જારી કર્યા હતા. પુરોહિતના જેલમાંથી નિકળતા પહેલા નવી મુંબઈ સ્થિત તલોજા જેલની બહાર સેનાની ગાડીઓ પહોંચી હતી. મુક્ત થયા બાદ પુરોહિત મુંબઈના કોલાબા સ્થિત પોતાની યુનિટ જઈને કમાંડિંગ ઓફિસરને રિપોર્ટ કરી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે, ૨૧મી ઓગસ્ટના દિવસે સનસનાટીપૂર્ણ ૨૦૦૮ના માલેગાવ બ્લાસ્ટ કેસમાં આરોપી કર્નલ પ્રસાદ પુરોહિતને સુપ્રીમ કોર્ટે મોટી રાહત આપી દીધી હતી.

## બિહારમાં વધુ ૩૭ મોત

**વડાપ્રધાન મોદી ૨૬મીએ હવાઇ નિરિક્ષણ કરશે : બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણ પર હજુય છે યુપીમાં મૃતાંક વધી ૮૨ થયો**

નવી દિલ્હી,તા. ૨૩

બિહારમાં પુરના કારણે મોતનો આંકડો વધીને હવે ૩૪૧ ઉપર પહોંચી ગયો છે. વધુ ૩૭ લોકોના



મોત થઈ ચુક્યા છે. રવિવાર સુધી મોતનો આંકડો ૨૫૩ હતો જે હવે ૩૪૧ના આંકડાને પાર કરી ગયો છે. બિહારમાં ૧.૪૬ કરોડથી વધુ લોકોને પુરની અસર થઈ છે. નાયબ મુખ્યપ્રધાન સુશીલ કુમાર મોદીએ જાહેરાત કરી છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ૨૬મી ઓગષ્ટના દિવસે પુરગ્રસ્ત વિસ્તારોનુ હવાઈ નિરીક્ષણ કરશે. માઠી અસર થઈ છે. આસા અને ઉત્તરપ્રદેશમાં વધુ ૧૦ લોકોના મોત થયા છે. જેથી મૃતાંક વધીને ૮૨ ઉપર પહોંચ્યો છે.

આસામમાં મૃતાંક વધીને બીજા તબક્કામાં ૭૦ ઉપર પહોંચ્યો છે. આવી જ રીતે બંગાળમાં પુરમાં ૧૯૨ લોકોના મોત થઈ ચુક્યા છે. બિહારમાં ૭.૬૧ લાખ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. હજુ ૧.૩૮ કરોડ લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. ૨૦૩ સ્ટેટ હાઈવેને નુકસાન થયું છે.

## રાઈટ ટુ પ્રાયવસી મામલે આજે સુપ્રીમનો મહત્વપૂર્ણ ચુકાદો

નવીદિલ્હી,તા. ૨૩

ત્રિપલ તલાકના મુદ્દા ઉપર મહત્વપૂર્ણ ચુકાદો આપ્યા બાદ સુપ્રીમ કોર્ટે હવે રાઈટ ટુ પ્રિવેસી એટલે કે અંગતતાના અધિકારના મામલામાં આવતીકાલે ચુકાદો જાહેર કરી શકે છે. રાઈટ ટુ પ્રિવેસીને બંધારણ હેઠળ મૂળભૂત અધિકાર તરીકે ગણવામાં આવે કે કેમ તેને લઈને નિર્ણય કરવામાં આવનાર છે. ચીફ જસ્ટિસ જેએસ ખેહરના નેતૃત્વમાં નવ સભ્યોની બંધારણીય બેંચ આ મામલામાં સુનાવણી કરી રહી છે. ખેહર ઉપરાંત આ બેંચમાં જસ્ટિસ જે ચેલાનેશ્વર, જસ્ટિસ એએ બોડબે, જસ્ટિસ આરકે અગ્રવાલ, જસ્ટિસ આરએફ નરીમન, જસ્ટિસ અભય મનોહર સપ્રે, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ સંજય કિસન કોલ અને જસ્ટિસ અબ્દુલ નઝીરનો સમાવેશ થાય છે. નવ સભ્યોની બેંચે સુનાવણી દરમિયાન આ બાબતની વિચારણા

● અનુસંધાન પાન-૭ પર


અમૂલ મસ્તી દહીંના સથવારે ભોજન બને મસ્તી ભર્યું




ફક્ત ₹55/-* for 1 kg

| Pouch Pack | MRP*(₹) |
|---|---|
| 200g | 15 |
| 400g | 28 |
| 1kg | 55 |
| 5kg | 250 |


| Cup Pack | MRP*(₹) |
|---|---|
| 85g | 10 |
| 200g | 22 |
| 400g | 38 |

*MRP (incl. of all taxes), transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 – 23969055/56/57

daCunha/05-17/guj

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઓછુ સાંભળનારા માટે
કાનનું મશીન ફક્ત રૂ. 2999/-
અમદાવાદમાં હોટલ દેવ પેલેસમાં શિબિર
શિબિર તા. ૨૪-૨૫ ઓગસ્ટ



સાઈ માર્કેટીંગ
દ્વારા અમદાવાદમાં તા. ૨૪ અને ૨૫ ઓગસ્ટના રોજ સવારે ૯.૦૦ સાંજે ૫.૦૦ વાગ્યા સુધી કાનની મશીન રૂ. ૨૯૯૯/-માં મળશે. ૫ વર્ષની ગેરંટી સાથે ઓછુ સાંભળનારા વ્યક્તિઓ આ મશીન અમદાવાદમાં
હોટલ દેવ પેલેસ
રાયપુર દરવાજાની સામે, મહિપતરામ આશ્રમની બાજુમાં, અમદાવાદ ખાતેથી ઉપલબ્ધ થશે.
શિબિર તા. ૨૪ અને ૨૫ બે દિવસ શિબિર ચાલુ રહેશે.

શ્રી સોમનાથ મહાદેવ મંદિર સમિતિ આયોજીત




તા.૨૫ થી ૨૮ ઓગષ્ટ ૨૦૧૭
સમય - રાત્રે ૮:૩૦ કલાકે
સ્થળ: શ્રી સોમનાથ મહાદેવ મંદિર સેક્ટર-૧૬, રંગમંચ પાસે, ગાંધીનગર

તા. ૨૫-૮-૨૦૧૭ શુક્રવાર
લોક ડાયરો
કલાકારો
અભેસિંહ રાઠોડ, રાધાબેન વ્યાસ, નટુભાઈ પટેલ અને સાથીદારો...

તા. ૨૬-૮-૨૦૧૭ શનિવાર
સૂરીલી સરગમ
સલીલ મહેતા
કલાકારો:કલ્યાણી કૌઠાળકર, દિવ્યાંગ અંજારીયા, પ્રહર વોરા
સંગીત સંચાલનઃ પંકજ પાઠક
સંગીત સંકલન : કલ્યાણી કૌઠાળકર
પ્રવક્તાઃ તેજસ મજમૂદાર

તા.૨૭-૮-૨૦૧૭ રવિવાર
મ્યુઝિકલ નાઈટ
જૂના અને નવા હિન્દી ફિલ્મોના ગીતો જાણીતા કલાકારો દ્વારા

તા.૨૮-૮-૨૦૧૭ સોમવાર
કોમેડી નાઈટ
કલાકારો
અરવિંદ શુક્લા લાફ્ટર ચેલેન્જ ફેઈમ
અતુલ મહિડા - કરશન બનેગા કરોડપતિ ફેઈમ
દિવેશ દરજી ગમ્મત ગુલાલ ફેઈમ અને
બાલવીર સીરીયલ ફેઈમ ડુબા ડુબા

તા. ૨૫-૮-૨૦૧૭ શુક્રવાર
શોભાયાત્રા
સવારે ૮:૦૦ કલાકે
સ્થળઃ- નરેન્દ્ર વ્યાસ, ૧૦૪/૫, છ ટાઈપ, ઈન્ક્વાયરી ઓફિસ પાસે, Mkuõxhગાંધીનગર
સંપર્ક ૯૮૯૮૦૩૨૬૫૯

શ્રી ગણેશજીની મુર્તિના દાતાશ્રી તેમજ મુખ્ય યજમાન
શ્રી આશિષભાઇ દવે, ચેરમેનશ્રી (ગુડા)

નિમંત્રક
પીનાકીન રાવલ, પ્રમુખ ● નરેશ દવે, મહામંત્રી ● નરેન્દ્ર વ્યાસ, ખજાનચી ● પ્રિતેશ વ્યાસ, મંદિર સમિતિ

સૌજન્ય : શ્રીમતી પ્રિતીબેન ધવલકુમાર દવે - (કોર્પોરેટર - ગાંધીનગર મહાનગરપાલિકા)